# અરવલ્લીના ભૂતિયાના ગ્રામજનો દ્વારા સામૂહિક આત્મવિલોપનની ધમકી

## અનુસૂચિત જાતિના હોવાથી તંત્ર દ્વારા અન્યાય થતો હોવાની રજુઆત

અરવલ્લી, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં ઉનાળાએ હજુ તો દસ્તક દીધી નથી ને ઠેર ઠેર પીવાના પાણીની તંગી સર્જાઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. મેઘરજ તાલુકાના ભુતિયા ગામમાં પીવાના પાણીની સમસ્યા અંગે જવાબદારતંત્રમાં વારંવાર લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં ગામમાં પીવાના પાણીની સમસ્યા અંગે તંત્ર દ્વારા આંખ આડે કાન કરાતા અરવલ્લી જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આવેદન પત્ર આપી તેમને યોગ્ય ન્યાય નહિ મળે તો એક અઠવાડિયા પછી જીલ્લા કલેક્ટર કચેરીએ સામુહિક આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી અનુસૂચિત જાતિ સમાજના હોવાથી તેમને તંત્ર તરફથી અન્યાય કરવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો.

મેઘરજ તાલુકાના રામગઢી ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ભુતિયા ગામના પરમાર ફળિયામાં પીવાના પાણીની તંગીના પગલે ગ્રામજનોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ભુતિયા ગામે ૭૦૦ લોકો વસવાટ કરે છે અને મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગ્રામજનો છેલ્લા કેટલાક વર્ષોથી પાણીના તળ ઊંડા જતા ગામમાં આવેલ બોર અને હેન્ડપમ્પ બંધ હોવાથી ગ્રામજનોએ પીવાના પાણી માટે ૨ કિમી.ના આંટાફેરા મારવા પડે છે. આ અંગે ૪૫ દિવસ અગાઉ રામગઢી ગ્રામ પંચાયતમાં રજુઆત કર્યા બાદ પાણીની સમસ્યા અંગે તાલુકા પંચાયત અને પાણી પુરવઠા વિભાગમાં અનેકવાર લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ કરવામાં આવતું નથી અને અનુસૂચિત જાતિ સમાજના હોવાથી તંત્ર દ્વારા અન્યાય કરવામાં આવતો હોય એવું લાગી રહ્યું છે. જેથી આપને આવેદનપત્ર આપી એક અઠવાડિયામાં પાણીની સમસ્યાનું નિરાકરણ નહિ આવે તો જીલ્લા કલેક્ટર કચેરી ખાતે અરજદારોએ સામુહિક આત્મવિલોપન કરવા મજબુર બનવું પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

# સલાલ પાસે કેનાલમાંથી ગુમ યુવાનનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સલાલ પાસે આવેલ કેનાલમાં એક યુવાનનો પગ લફસતા કેનાલમાં પડયો હતો અને આ અંગેની જાણ તંત્રમાં કરવામાં આવતાં પ્રાંતિજ પોલીસ સહિત પ્રાંતિજ-હિંમતનગર ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે આવી ફાયર ટીમ દ્વારા કેનાલમાં શોધખોળ હાથ ધરી હતી. તો એક દિવસની શોધખોળ બાદ બીજા દિવસની શોધખોળ બાદ કેનાલમાંથી યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો.

પ્રાંતિજ-સલાલ પાસે આવેલ કેનાલમાં કેનાલ પાસેથી પસાર થઈ રહેલ વાઘેલા મહેશજી શકરાજી ઉ. વર્ષ- ૨૨ કે જે કેનાલ પાસેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે અચાનક તેનો પણ લપસતા તે કેનાલમાં પડયો હતો. આ અંગેની જાણ સ્થાનિક તંત્રમાં કરવામાં આવતાં પ્રાંતિજ- પોલીસ તથા પ્રાંતિજ-હિંમતનગર ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને કેનાલમાં શોધખોળ હાથ ધરી હતી. પણ કેનાલમાં પડેલ યુવકની શોધખોળ બાદ કોઈ ભાળ ના મળતા બીજા દિવસે પણ પ્રાંતિજ હિંમતનગર ટીમના કર્મચારીઓ ગોપાલભાઈ, મુકેશભાઈ સહિત ટીમ દ્વારા શોધખોળ હાથ ધરી હતી. જેમાં નેશનલ હાઈવે આઠ હોટલ પાસે કેનાલમાંથી વાઘેલા મહેશજી શંકરજીની પાણીમાં ગડકાવ થતાં મૃતક હાલતમાં લાશ મળી આવી હતી.

# ખેડબ્રહ્માં શહેરમાં બીએસએનએલ નેટવર્કના ધાંધીયા : શહેરીજનો પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૨૨

ભારત દુર સંચાર નિગમ દ્વારા શહેરના વિવિધ માર્ગો પર ટાવર લગાવવા આવ્યા ઝડપી યુગ ફાસ્ટ સર્વિસ બાબતે બીએસએનએલની સેવા દિવસે દિવસે કથળતી જાય છે. દિવસ દરમ્યાન શહેરમાં કોલ કરવા મોબાઈલ પર વાતચીત થઈ શકતી નથી. નેટ તો જાણે બીલકુલ ધીમી ગતીથી ગોકળગાયની ગતીથી ચાલે છે. વારંવાર રજૂઆત કરવા છતા પણ આ બાબતે કોઈ પણ પ્રકારના પગલા ભરવા આવતા નથી. ત્યારે ના છુટકે પ્રજાને બીજા નેટવર્ક સાથે જોડાવવા મજબુર થવુ પડી રહ્યુ છે.

# ખેડબ્રહ્મા પોશીના તાલુકાના શૌચાલયની કામગીરીમાં ગેરરીતિની ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા પોશીના તાલુકાના ગ્રામ્ય વિસ્તારના સરકાર દ્વારા ઘરે ઘરે શૌચાલયો બનાવવાની કામગીરી તાલુકાના અધીકારી સોપવામા આવી. ત્યારે ગરીબ અભણ પરીવારોનેત્યા કુવા અને ટબ વગરના ખાલી ઓરડી જેવા શૌચાલયો બનાવી સરકારી ગ્રાન્ટ લઈ બારોબારીયુ કરી દેવાના આક્ષેપોથી સમગ્ર તાલુકામા ચકચાર મચી જવા પામી છે. સ્વચ્છ ભારત અંતરગત ગુજરાત સરકાર દ્વારા ગામે ગામ ઘરે ઘરે શૌચાલયો બનાવવાની યોજના હાથ ધરી જેમા દરેક તાલુકાના કોન્ટ્રાકટ આપી શૌચાલયો બનાવવામાં આવી રહ્યા છે. જેમા સરકાર દ્વારા એક શૌચાલય માટે ૧૨ હજાર રુપીયા ફાળવવામા આવે છે. જ્યારે મનરેગા યોજના ઊતરતી શૌચાલયના કુવા માટે આઠ હજાર મળી એક શૌચાલય પાછળ રુપીયા વીસ હજાર જેટલી માતબર રકમ ફાળવવામા આવે છે પરંતુ તપાસ અધિકારી અને કોન્ટ્રાકટરની મીલીભગતને લઈને ગામડાના અભણ અને ગરીબ પરિવારોને ત્યા ફક્ત ચાર દિવાલનુ ખોખુ બનાવી અંદર ટબ કે મરઘો ગોઠવ્યા વગર તેમજ શૌચાલયોના કુવા બનાવ્યા વગર ફોર્મમા અંગુઠો કરાવી રુપિયા વીસ હજારની જગ્યાએ ફક્ત ૩ થી ચાર હજારમા કામ કરી બાકીની રકમનુ બારોબારીયુ થતુ હોવાની ફરિયાદો સમગ્ર તાલુકામા ચકચાર મચી જવા પામી છે. આ બાબતે નામ ન આપવાની શરતે એક અધિકારીએ જણાવ્યુ કે આમા ઉપરના લેવલ સુધી સેટીન્ગ હોય છે ઘણા ગામે તો ઓરડી બનાવ્યા વગર પણ પૈસા બારોબાર ઉપડી ગયાની બુમો ઉઠી રહી છે.

# સાબર ડેરીની ચૂંટણીનું જાહેરનામું બહાર પડતા વોટ મામલે ધનસુરાના રહિયોલમાં બબાલ

અરવલ્લી, તા. ૨૨

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના લાખ્ખો પશુપાલકોની જીવાદોરી સમાન સાબર ડેરીના નિયામક મંડળના સભ્યોની ચૂંટણી માટેનું જાહેરનામું પડતાની સાથે જ બંને જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો પ્રસરી ગયો છે. સાબરડેરીના ડિરેકટર અને ચેરમેન બનાવા માટે કરોડો રૂપિયા પાણીની જેમ ખર્ચી મલાઈદાર સંસ્થામાં સત્તા મેળવવા સહકારી આગેવાનો એડી ચોટીનું જોર લગાવી દેતા હોવાનું અનેકવાર અગાઉની ચૂંટણીઓમાં જોવા મળ્યું હતું. ત્યારે ૨૫ માર્ચે યોજાનાર ચૂંટણીમાં મતદારોને રીઝવવા નિયામક મંડળમાં ચુંટાવવા ઉમેદવાર કે તેમની પેનલ દ્વારા લાખ્ખો રૂપિયાની લ્હાણી કરવામાં આવતી હોવાથી મતદારોમાં પણ ભારે ઉત્સુકતા જોવા મળતી હોય છે ત્યારે ધનસુરાના રહિયોલ ગામે દૂધમંડળીમાં મતાધિકાર માટે સામાન્ય બોલાચાલી બાદ બબાલ થતા સાબર ડેરીની ચૂંટણીની આગામી સમયમાં ગ્રામ્ય વિસ્તારની શાંતિ ડહોળે તો નવાઈ નહિ.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ધનસુરા તાલુકાના રહિયોલ ગામની રહિયોલ દૂધ મંડળીમાં આગામી ૨૫ માર્ચે યોજાનાર સાબર ડેરીની ચૂંટણીમાં મતાધિકારને લઈને ગુરુવારે સવારે ગામનાજ બે જૂથોમાં મતાધિકારના ઠરાવના લઈને મતાધિકાર બદલાવ અંગે સામાન્ય બોલાચાલી બાદ મામલો બિચકયો હતો અને દૂધમંડળી બહાર મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા છુટ્ટા હાથની મારામારી થતા સમગ્ર બનાવને લઈને રહિયોલ ગામમાં અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું હતું. રહિયોલ દૂધ મંડળીમાં મતાધિકારના ઠરાવને લઈને થયેલી બબાલ અંગે બંને જીલ્લામાં ભારે ચકચાર મચી હતી.

# બનાસ ડેરી દ્વારા પશુ સંવર્ધનના ક્ષેત્રે જ્વલંત સફળતા

બનાસકાંઠાના અમૂલ્ય પશુધનને વૈજ્ઞાનિક પધ્ધતિઓ જેવી કે પાડી-વાછરડી ઉછેર, પશુ માવજત, પશુ પોષણ, પશુ આરોગ્ય જાળવણી-પશુ રોગ-નિવારણ અને પશુ સંવર્ધન દ્વારા વધુમાં વધુ ઉત્પાદન મેળવી પશુપાલકોની આવક બમણી થાય અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે તેવો બનાસ ડેરી અને સરકારશ્રીનો અભિગમ રહેલો છે.

તદનુસાર ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ પશુપાલન ક્ષેત્રે પશુ સારવાર, કાંકરેજ ગૌવંશ સુધારણા, મેહસાણી ભેંસ ઓલાદ સુધારણા, પાડી/વાછરડી ઉછેર, વંધ્યત્વ નિવારણ, પશુ દીઠ દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ, સમતોલ આહાર વગેરે યોજનાઓ અમલમાં મુકેલ છે. હાલમાં બનાસ ડેરી દ્વારા દૂધ મંડળીઓ ઉપર ૧૧૧૮ બીજદાન કેન્દ્રો કાર્યરત છે જેના થકી પશુસંવર્ધન, રોગ વિરોધી રસીકરણ વગેરે કામગીરીનો સમગ્ર જિલ્લામાં વ્યાપ વધેલ છે. બીજદાનથી ઉચ્ચ વંશાવળી ધરાવતી ઓલાદ ખેડૂતના ઘેર જ તૈયાર થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

આંકડાકીય માહિતી મુજબ હાલ સમગ્ર રાજ્યમાં બીજદાનથી આવરેલ પશુઓનું પ્રમાણ માત્ર ૩૮ % જેટલું છે, જેમાં ઉત્તર ગુજરાતમાં અંદાજિત ૫૦ % જેટલું છે, જ્યારે બનાસ ડેરી દ્વારા સેવા-પ્રાપ્ત મંડળીઓમાં જે પશુધન છે તેમાં ૬૦ % થી પણ વધુ પશુઓને વૈજ્ઞાનિક બીજદાન સેવાથી આવરી લીધેલ છે; જેમાં પશુવર્ગ પ્રમાણે જોઈએ તો મેહસાણી ભેંસ, કાંકરેજ અને એચ.એફ-કાંકરેજ ક્રોસ (સંકર) ગાય વર્ગમાં અનુક્રમે ૪૫, ૩૫ અને ૯૮ ટકા જેટલું રહેલ છે.

બીજદાનનો વ્યાપ વધે તેવા અવિરત પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે જેના થકી બીજદાનની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળેલ છે. એપ્રિલ-ડીસેમ્બર ૧૬ની તુલનામાં એપ્રિલ-ડીસેમ્બર ૨૦૧૭માં મહેસાણી ભેંસ, કાંકરેજ અને એચ.એફ ક્રોસ કાંકરેજ (સંકર) ગાય વર્ગમાં બીજદાનમાં અનુક્રમે ૧૦, ૨૬ અને ૧૭ ટકાનો વધારો થયેલ છે જેનો પૂરેપૂરો યશ સંવર્ધનમાં સંકળાયેલ તમામ પશુપાલકો, બીજદાન કર્મચારીઓ - પશુપાલન મિત્રો અને તમામ અધિકારીઓને જાય છે.

# હિંમતનગરમાં ભાગવત સપ્તાહનો ભવ્ય શુભારંભ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર ખાતે વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન મહર્ષિ અરવિંદ શિક્ષણ અને સેવા ટ્રસ્ટ સંચાલીત રોટરી સરસ્વતી વિદ્યામંદિરના લાભાર્થે ભવ્યાતિ ભવ્ય સજાવટ સાથે આયોજીત કરાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહનો લોકપ્રિય કથાકાર પ.પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ તેમની વિધ્વતપૂર્ણ શૈલીમાં શુભારંભ કર્યોછે.

શહેરના મોદી ગ્રાઉન્ડમાં દ્વારકાધામની ઓળખ ધરાવતા વિશાળ શમિયાણામાં પ્રથમ દિવસથી કથાનો શુભારંભ કરાવતા પ.પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ શ્રીમદ્ ભાગવત કથાનું મહાત્મય સમજાવી શિક્ષણ, રાજનીતિ અને લોકજીવનને અસર કરતી સમસ્યાઓનું ચિંતન કરી તેના નિરાકરણ માટે પ્રેરણાસ્ત્રોત માર્ગદર્શન આપ્યું હતું.

અંતરમાં વિવેકના દીવડા પ્રગટાવી તેના અજવાળે જીવનની યાત્રાને કલ્યાણમાર્ગે લઈ જવાનો પ્રયાસ શ્રીમદ્ ભાગવત કથાના માધ્યમથી કરી રહ્યા હોવાનું જણાવતા પૂ. ભાઈશ્રીએ કહ્યું હતું કે, રાજનીતિમા સેવાની ભાવના હોવી જોઈએ. સત્તાની લાલસાવાળા રાજનીતિ કરનારાઓ સમાજના શત્રુઓ છે.

વિકાસની પ્રક્રિયામા ચારિત્ર્યનું મહત્વ સમજવતા પૂ. ભાઈશ્રીએ કહ્યુ હતું કે, ભારત દેશ ધર્મપ્રાણ રાષ્ટ્ર છે. રાષ્ટ્ર પ્રગતિના પંથે જરુર છે તેમ છતાં છેલ્લા દશકામાં રાષ્ટ્રને મોટુ નુકશાન થયુ એના પર ધ્યાન આપવાની વિશેષ જરુર છે. ચારિત્ર્ય નિર્માણ વગર વિકાસની વાતો બેઈમાન સાબિત થશે.

હિંમતનગર ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન શિક્ષણ સંસ્થાના લાભાર્થે થયું હોવાથી પૂ. ભાઈશ્રીએ રાજય અને રાષ્ટ્રની શિક્ષણક્ષેત્રની વિકટ બની રહેલી સ્થિતિ પાછળ ચારિત્ર્યના પતનને જવાબદાર ગણાવી શિક્ષણક્ષેત્રના સાર્વત્રિક વિકાસ માટે શિક્ષણ સંસ્થાઓ, વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં ચારિત્ર્ય નિર્માણનો પાયો મજબુત કરવાની આવશ્યકતા જણાવી હતી.

પ્રથમ દિવસની કથામાં જયેશભાઈ પટેલ (રીયલ એસ્ટેટ), ચંદ્રકાન્ત જોષી, દિનેશભાઈ પટેલ(મહાલક્ષ્મી સીડસ), કનુભાઈ સીંધી, રમેશભાઈ બી.મકવાણા, જયંતિભાઈ પટેલ અને લાખાભાઈ સહિતના મહાનુભાવોનું પૂ. ભાઈશ્રીના વરદ હસ્તે શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

ઈડર તાલુકાના વડીયાવીરના મહંત પૂ. શાંતિગિરીજી મહારાજ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સંસદ સભ્ય દીપસિંહ રાઠોડ સહિતના અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમદ્ ભાગવત કથાના પ્રારંભે મુખ્ય યજમાન ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના નિવાસ સ્થાનેથી પોથીયાત્રાની ભવ્ય શોભાયાત્રાનું મહાવીરનગરથી દ્વારકાધામ સુધી આયોજન કરાયું હતું જેમાં યજમાનો અને નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.

ભારત વર્ષના શ્રેષ્ઠ કથાકાર અને વૈશ્વિક શિક્ષક પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા વ્યાસપીઠ પર બિરાજમાન થયા ત્યારે યજમાન પરિવાર દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રીમદ્ ભાગવત કથાના પ્રારંભે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સંસદ સભ્ય દીપસિંહ રાઠોડ, નગરપાલીકાના પ્રમુખ શ્રીમતી નિલાબેન પટેલ, બાબુલાલ પુરોહિત, હસમુખભાઈ ઠક્કર, જે. ડી. પટેલ, દીલીપભાઈ ગાંધી અને જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા મહેન્દ્રસિંહ રહેવર અને મહંત પૂ. શાંતિગિરી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં મંગલદીપનું પ્રાગટ્ય કરાયું હતું.

# અરવલ્લી જિલ્લા સેવા સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

અરવલ્લી, તા. ૨૨

પાટણ જીલ્લાની આત્મવિલોપન ઘટના જેવી દુઃખદ ઘટનાને અનુલક્ષી પાટણ ખાતે ભાનુભાઈ વણકરે આત્મવિલોપન કર્યા બાદ સારવાર દરમિયાન મોત નિપજતા સમગ્ર ગુજરાત નહિ દેશભરમાં ચકચાર મચી હતી અને ગુજરાતમાં અનુસૂચિત જાતિ સમાજમાં ભારે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને ઠેર ઠેર વિરોધ પ્રદર્શન, ચક્કાજામ અને બંધના એલાન આપવામાં આવ્યા હતા અને આત્મવિલોપન બાદ અજંપાભરી સ્થિતિનું નિર્માણ થતા અરવલ્લી જીલ્લામાં પાટણ જેવી ઘટનાનું પુનરાવર્તન ના થાય તે માટે જીલ્લા કલેક્ટરને જીલ્લા સેવા સમિતિ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

અરવલ્લી જીલ્લા સેવા સમિતિના હોદ્દેદારોએ બુધવારે જીલ્લા કલેકટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે પાટણ જીલ્લામાં ભાનુભાઈ વણકરે દુદખા ગામની જમીન બાબતે આત્મવિલોપનની બનેલી દુઃખદ ઘટના જેવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે જીલ્લાના અનુસૂચિત જાતિ સમાજના તથા જીલ્લાના તમામ પ્રજાજનોના નિયત મર્યાદામાં કામકાજ થયાના હોય તો તેમના કામોને સરકારી તંત્ર દ્વારા અગ્રીમતા આપી તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવાની માંગ કરી ઘોડા છૂટ્યા પછી તબેલાના તાળા મારવા જેવો ઘાટ ન થાય તેની તકેદારી રાખવાની માંગ કરી હતી.

ભારત રાષ્ટ્ર ડિજિટલ બની રહ્યું છે ત્યારે સરકારી દફતરમાં આવતી તમામ અરજીઓને પણ ઓનલાઈન ટ્રેકિંગ અરજીકર્તા દ્વારા થઈ શકે તેવી માંગ જીલ્લા સેવા સમિતિના ચંદ્રકાન્ત પટેલ અને અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓ એ માંગ કરી હતી.

# મેઘરજના ડામોરઢુંઢા પાસે રીક્ષાનુ ટાયર ફાટતા રીક્ષા પલ્ટી મારતા એકનુ મોત

મેઘરજ, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ડામોરઢુંઢા પાસે બુધવારના રોજ ચાલુ રીક્ષાનુ ટાયર ફાટતા રીક્ષાએ પલ્ટી મારી હતી જેમાં રીક્ષામાં બેસેલ એક ઈસમનુ મોત થતા તાલુકામાં ચકચાર મચી હતી.

સીમલવાડા તાલુકાના ભચડીયા ગામના અરજણભાઈ રતાભાઈ ડામોર મંગળવારના રોજ તેમની સાસરી મોટી ભુવાલ ગામે તેમની પત્નિ સાથે રાત્રી રોકાણ કરવા મહેમાનગતિએ ગયા હતા અને બુધવારના રોજ સવારે મોટી ભુવાલથી રીક્ષામાં બેસી ઘરે જતા હતા તે અરસામાં ડામોરઢુંઢા પાસે અચાનક ચાલુ રીક્ષાના આગળનુ ટાયર ફાટતા રીક્ષા ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા રીક્ષા રોડ સાઈડમાં પલ્ટી મારી હતી જેમાં અંદર બેસેલ પેસેન્જરોને ઈજાઓ પહોંચી હતી જેઓને ૧૦૮ ધ્વારા તાત્કાલિક સારવાર અર્થે મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જેમાં અરજણભાઈ રતાભાઈ ડામોર રહે. ભચડીયા ઉ. આ. ૭૦ ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજ્યુ હતુ. આ અકસ્માત અંગે મૃતકના દિકરા બાબુ અરજણ ડામોરે રીક્ષા નં. જીજે૯એવી.૬૦૮૨ના ચાલક વિરૂધ્ધ ગુન્હો નોંધાવતા મેઘરજ પોલીસે રીક્ષાના ચાલક વિરુધ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે આજે મોડાસાના ચરણવાડા ગામે દૂધ અને સેવા સહકારી મંડળીના ચેરમેનો, વ્યક્તિ કમિટીસભ્ય, ભાઈ-બહેનોનો સહકાર તાલીમ શિક્ષણ કાર્યક્રમ યોજાતા તેના આજરોજ યોજાયેલા સમાપન સમારોહમાં જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ અને સાબરડેરીના ડિટેક્ટર, સ્થાનિક ચેરમેન ભીખુસિંહ પરમારની ઉપસ્થિતિમાં સમાપન થયું હતું. બે દિવસીય તાલીમ વર્ગ લઈને સંસ્થાના એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ સહકાર અને વહીવટ અંગે માર્ગદર્શન આપ્યું હતું.